# મિઝોરમમાં કોંગ્રેસે બહુમતિ મેળવી

## ૪ રાજ્યોમાં કારમા પરાજય બાદ અંતે કોંગ્રેસ પાર્ટી માટે સંતોષજનક સમાચાર : મોટા ભાગની બેઠકો જીતી લીધી

આઈઝોલ,તા. ૯

૪૦ સભ્યોની મિઝોરમ વિધાનસભાની ચૂંટણી માટેના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. કોંગ્રેસે સ્પષ્ટ બહુમતિ મેળવીને સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે. મુખ્યમંત્રી લાલથાનવાલા બંને વિધાનસભા બેઠકો પરથી જીતી ગયા છે. તેમના નેતૃત્વમાં કોંગ્રેસે શાનદાર દેખાવ કરીને મિઝોરમ વિધાનસભાની ચૂંટણીમાં ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી લીધી છે. મિઝોરમ વિધાનસભાની ચૂંટણીના પરિણામ કોંગ્રેસને આંશિકરીતે રાહત આપે તેવા છે કારણ કે ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો છે. એક બાજુ કોંગ્રેસની રાજસ્થાનમાં સત્તા જતી રહી છે. અહીં ભાજપે હજુ સુધીની સૌથી મોટી જીત મેળવીને ઈતિહાસ સરજ્યો છે.

બીજી બાજુ મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણે સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે. આ ઉપરાંત દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસની કારમી હાર થઈ છે. આની સાથે જ કોંગ્રેસની હાલત કફોડી બની ગઈ છે.

પરંતુ મિઝોરમમાં સત્તા જાળવી રાખવામાં કોંગ્રેસને સફળતા મળતા તેની કેટલાક અંશે પ્રતિષ્ઠા બચી ગઈ છે. સરચીફમાં મુખ્યમંત્રીએ ૭૩૪ મતે તેમના નજીકના હરીફને હાર આપી હતી. અહીં ચતુષ્કોણીય સ્પર્ધા હતી. અન્ય એક બેઠક પર પણ મુખ્યમંત્રીએ મિઝોરમ પિપલ્સ કોંગ્રેસના ઉમેદવારને ૧૬૩૮ મતે હાર આપી છે. મુખ્યમંત્રીએ કહ્યુ હતુકે શાસન વિરોધી પરીબળ વચ્ચે પણ સરકાર બહુમતિ મેલવવામાં સફળતા મેળવી છે. વન્ય પ્રધાન અને શિક્ષણમંત્રીની પણ ચૂંટણીમાંજીત થઈ છે. કોંગ્રેસે મોટા ભાગની બેઠકો પર શાનદાર સપાટો બોલાવ્યો છે. વિધાનસભાની ચૂંટણી માટેના તમામ પરિણામો આજે જાહેર કરી દેવામાં આવ્યા હતા. મિઝોરમના પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસની છાવણીમાં ખુશીનું મોજુ દેખાયુ હતુ.



લોકસભાની ચૂંટણીની તૈયારી શરૂ થઇ

## હવે રાષ્ટ્રીય રાજનિતી ઉપર મમતાની નજર કેન્દ્રિત થઈ

નવી દિલ્હી,તા. ૯

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ તમામ રાજકીય પક્ષો હવે લોકસભાની વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે. એકબાજુ ચાર રાજ્યોમાં મોટી સફળતા હાથ લાગ્યા બાદ ભાજપના કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી બાજુ કોંગ્રેસનો ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હીમાં સંપૂર્ણ સફાયો થયા બાદ હવે મમતા બેનર્જી પણ રાષ્ટ્રીય રાજનિતી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તૃણમૂળ કોંગ્રેસ માને છે કે કોંગ્રેસને કેન્દ્રમાં સત્તામાં રહેવાનો હવે કોઈ નૈતિક અધિકાર નથી. જોકે પાર્ટી ભાજપની નજીક જવા માટે તૈયાર નથી કારણ કે પશ્ચિમ બંગાળમાં પાર્ટીને લઘુમતિ મત બેંક હાથમાંથી સરકી જવાનો ખતરો છે.



તાજેતરના ચૂંટણી પરિણામો દર્શાવે છે કે કોંગ્રેસની વિરુદ્ધમાં લોકોએ મતદાન કરીને તેમની નારાજગી વ્યક્ત કરી છે. બેનર્જીના નજીકના સુત્રોએ કહ્યું છે કે મમતા બેનર્જીએ હવે રાષ્ટ્રીય રાજનિતી પર ફરી ધ્યાન કેન્દ્રિત કર્યુંછે. મમતા બેનર્જી લોકસભાની ચૂંટણી વહેલી તકે યોજાય તેવી ઈચ્છા ધરાવે છે. મમતા બેનર્જી દિલ્હીમાં નવા મુદ્દા પર વાત કરવા માટે વ્યસ્ત છે. તૃણમૂળ કોંગ્રેસ એકલા પશ્ચિમ બંગળમાં ૩૪થી વધારે લોકસભાની બેઠક મેળવવાની સાથે સાથે અન્ય રાજ્યોમાં વધારે સફળતા મેળવવા માટે આશાવાદી છે. તૃણમૂળ કોંગ્રેસે જગનમોહન રેડ્ડી, નવિન પટનાઈક, જયલલિલા અને નિતિશ કુમાર જેવા નેતાઓ સાથે વાતચીત કરવા તેના વિકલ્પો ખુલ્લા રાખ્યા છે. જુદા જુદા નેતાઓ સાથે મમતા હવે વાતચીતમાં વ્યસ્ત બન્યા છે.

## સેન્સેક્સ અને નિફ્ટી ઓલ ટાઈમ હાઈ સપાટીએ

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામો ગઈકાલે જાહેર થયા બાદ આની સીધી અસર જોવા મળી હતી. ચાર રાજ્યો પૈકી ત્રણમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને જીત મેળવી લીધા બાદ શેરબજારમાં સર્વાંગી લેવાલી જામી હતી તથા સેન્સેક્સ તથા નિફ્ટી લાઈફટાઈમ ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીને લઈને પણ હવે ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. નવી સરકાર વધુ બિઝનેસ લક્ષી રહેશે તેવી આશા શેરબજારમાં જામી છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઝંઝાવતી પ્રચારના કારણે ભાજપને જીત મળી છે તેવી આશા ફેલાયા બાદ બજારમાં આજે ઉત્સુકતા વધી ગઈ હતી. શરૂઆતી કારોબારમાં સેન્સેક્સમાં ૪૩૦ પોઈન્ટથી પણ વધુનો વધારો થયો હતો પરંતુ કારોબારના અંતે તેમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. બીએસઈ સેન્સેક્સ



આજે ૩૩૦ પોઈન્ટ ઉછળીને ૨૧૩૨૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૦૪ પોઈન્ટ સુધરીને ૬૩૬૪ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીની આ ઓલટાઈમ હાઈ સપાટી છે. દરેક ૧૦ શેર પૈકીના પાંચમાં તેજી જામી હતી. આજની તેજીના પરિણામ સ્વરૂપે રોકાણકારોએ ૭૫૦૦૦ કરોડની કમાણી કરી લીધી હતી. ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના શાનદાર દેખાવ બાદ મૂડીપ્રવાહમાં પણ વધારો થયો છે. વૈશ્વિક બજારોમાં પણ તેજી નોંધાઈ રહી છે. લોકસભાની ચૂંટણી પહેલા ભાજપે જોરદાર દેખાવ કરીને વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવી હતી. રાજસ્થાનમાં ભાજપે ઈતિહાસ સર્જીને હજુ સુધીની સૌથી મોટી જીત મેળવી હતી જ્યારે મધ્યપ્રદેશમાં ઐતિહાસિક જીત મેળવીને સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. છત્તીસગઢમાં પણ સત્તા જાળવી રાખવામાં ભાજપને સફળતા મળી ગઈ છે. દિલ્હીમાં બહુમતિના આંકડા પણ ચાર બેઠક દૂર રહી ગયા હોવા છતાં ભાજપનો દેખાવ શાનદાર રહ્યો હતો. દિલ્હીમાં પણ સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપ જ રહેતા કારોબારીઓમાં હવે ખુશી જોવા મળી હતી. ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન ખૂબ ઉંચી સપાટી સેન્સેક્સ અને નિફ્ટીએ મેળવી હતી. ઈન્ટ્રાડે વેળા નિફ્ટીએ ૬૪૧૫ની સપાટી મેળવી હતી. બીએસઈ ૧૩ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકીના ૧૨માં લેવાલી જામી હતી. જો કે કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૧૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટીએ ૬૪૧૫ની ઈન્ટ્રાડે ઉંચી સપાટી મેળવી હતી. અગાઉ ૮મી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે નિફ્ટીએ આ સપાટી હાંસલ કરી હતી. ૩૦ શેર સેન્સેક્સની વાત કરવામાં આવે તો ૨૬ શેરમાં તેજી રહી હતી જ્યારે ચાર શેર મંદીમાં રહ્યા હતા. આઈસીઆઈસીઆઈ બેંકના નેતૃત્વમાં સેન્સેક્સમાં મોટા ભાગે તેજી જોવા મળી હતી. આ બેકિંગ શેરમાં ૫.૧૬ ટકા તથા સ્ટરલાઈટમાં ૫.૦૪ ટકાનો, લાર્સન એન્ડ ટુબ્રોમાં ૪.૫૨ ટકાનો, મારૂતિ સુઝુકીમાં ૩.૮૫ ટકાનો તથા ઓએનજીસીમાં ૩.૪૮ ટકાનો સુધારો નોંધાયો હતો. એનટીપીસી, હિન્ડાલ્કો, ગેઈલ ઈન્ડિયા, આરઆઈએલ, ઈન્ફોસિસમાં પણ તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો.

## અનિશ્ચિતતા વચ્ચે આમ આદમી પાર્ટીના નેતાઓની મહત્વપૂર્ણ બેઠક

નવી દિલ્હી,તા. ૯

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાયા બાદ એક બાજુ અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ ગયા છે. બીજી બાજુ દિલ્હીમા શાનદાર દેખાવ કરનાર આ આદમી પાર્ટી પોતાના એજન્ડા પર મક્કમ છે. પોતાના નિવાસસ્થાને આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે વાતચીત બાદ એએપીના નેતા અરવીંદ કેજરીવાલે કહ્યુ છે કે તેમની પાર્ટી રચનાત્મક વિપક્ષની ભૂમિકા અદા કરશે. પક્ષના નેતા યોગેન્દ્ર યાદવે કહ્યુ છે કે જો લેફ્ટી ગવર્નર સરકારની રચના કરવા પાર્ટીને આમંત્રણ આપશે તો બહુમતિના અભાવે ઈન્કાર કરશે. એએપી અને ભાજપ બંનેએ ઈન્કાર કરતા જટિલ સ્થિતિ સર્જાઈ છે. યાદવે કહ્યુ છે કે બંધારણ મુજબ સરકારની રચના કરવાની જવાબદારી સૌથી મોટી પાર્ટીની છે. સરકાર રચવા માટે અમને જનમત મળ્યો નથી. આ ખૂબજ જટિલ સ્થિતિ છે. જ્યાં સરકારની રચના કરવા સૌથી મોટી પાર્ટી બીજા નંબરની પાર્ટીને અનુરોધ કરી રહી છે.



### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

યાર્ડની ચૂંટણીમાં પણ ખેડૂતોનું સન્માન જળવાય અને પુરતો ન્યાય મળે તેવા હેતુથી જસમતભાઇએ ચૂંટણીમાં થતી ગેરરીતિઓ દૂર કરાવીને ખેડૂતોને ન્યાય અપાવ્યો છે. જસમતભાઇ ઇજનેર ભલે રહ્યા પણ કૃષિજ્ઞાન એટલું જ વધારે છે. ૧૯૭૫માં બોટાદમાં જરૂ વાવવાની શરૂઆત તેમણે કરી અને ખેડૂતોમાં આત્મવિશ્વાસ જગાવી સમગ્ર પંથકમાં કિંમતી રોકડિયા પાકનું બહુ જ મોટા પ્રમાણમાં વાવેતર કરાવ્યું હતું.

'સાગર કેટલો ઉદાર છે કે, અનેક સરિતાઓને આવકારી તેને ઉમંગથી પોતામય બનાવે છે અને ત્યારે જ તો એ રત્નાકર બને છે.'

જસમતભાઇના દિલમાં ક્ષણેક્ષણે ખેડૂતોને જાગૃત કરવાની, મદદરૂપ થવાની લગની લાગી હતી. ફોસ્ફેટિક રાસાયણિક ખાતર બનાવતી કંપનીઓને બાય પ્રોડક્ટ તરીકે જીપ્સમ બહાર પડે. FSFC ને આ કચરામાં મોટા ડુંગર ખડકાયેલા હતા. જીપ્સમ અંગે ખેડૂતોમાં જાણકારી નહિ. તેનું પેકિંગ કરવું કંપનીને બિન આર્થિક જણાતું હતું. જસમતભાઇ પહેલ કરી. મિત્રના ટ્રક મારફત જીપ્સમ ભરીને પોતાના ખેડૂતમાં ઠલવાવ્યું. ફાયદો જણાયો. ઉપરી અધિકારીને જસમતભાઇ મળ્યા. એજન્સીની વ્યવસ્થા કરી. જે વસ્તુ કંપની મફત ભરી આપતી હતી તેની આજે એટલી માંગ છે કે કંપનીનો લાખો ટનનો ભરાવો સાફ થઇ ગયો અને ખેડૂતોની જમીનની સુધારણા થઇ તેમજ ઉત્પાદનમાં ખૂબ જ મોટો લાભ થયો હતો.

આજ રીતે સરકાર ડ્રીપ ઇરીગેશન માટે બાગાયત, તેમજ શાકભાજી માટે સબસીડી આપતી હતી. ખેતીવાડી ખાતાને તથા ઉત્પાદકોને આ પદ્ધતિ બાયાગત એ શાકભાજી માટે  જ યોગ્ય લાગેલી. જસમતભાઇએ સાહસ કરીને દસ એકર જમીનમાં કપાસના પાક માટે ડ્રીપ ઇરીગેશન ગોઠવી. સફળતા પ્રાપ્ત કરી. દિલ્હીથી બાગાયત તથા ખેતીવાડી અધિકારી કૃષિ વૈજ્ઞાનિક ડો. ચંદ્રા સાહેબ પોતે અભ્યાસ અર્થે આવ્યા અને કપાસ જેવા પાક માટે ડ્રીપ ઇરીગેશન માટે સબસીડી આપવાની તાર્કિક મંજુરીઓ મળવાનું શરૂ થયું હતું એ ક્ષણ આશીર્વાદ રૂપ કહી શકાય.


જસમતભાઇએ માથાભારે તત્ત્વો સામે પડકાર ફેંકી દાદાગીરીથી થતાં દસ્તાવેજો અટકાવ્યાં. બાપ-દાદાની જમીન પોતાની હોવા છતાં અન્ય લોકો તેને યેનકેન પચાવી પાડતા હતા તેની સામે બુલંદ અવાજ કર્યો હતો. અહીં મને ફિલીપ સિડનીનો પ્રેરક પંક્તિ ટાંકવી ગમે જ.

'જે વ્યક્તિ ઉચ્ચ વિચારોની સોબતમાં રહે છે એ વ્યક્તિ એકલી રહેવા છતાં

## જન લોકપાલબિલના મામલે અણણા આજથી અનશન પર

રાલેગનસિદ્દિ,તા. ૯

ગાંધીવાદી નેતા અને સામાજિક કાર્યકર અણણા હજારે આવતીકાલથી ફરી અનશન પર જવા માટેની તૈયારી કરી ચુક્યા છે. અણણાએ આજે કેન્દ્ર પર વિશ્વાસઘાત કરવા અને જનલોકપાલબિલના વચનથી પીછેહઠ કરવાનો આક્ષેપ કરતા કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર વિરોધી કાયદાને સંસદમાં પસાર કરવાના હેતુસર દબાણ લાવવા માટે તેઓ આવતીકાલથી ફરી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર જશે. અણણા હજારેએ કહ્યુ હતુકે જનલોકપાલ બિલ પસાર કરવામાં નિષ્ફળતા મળવાના લીધે જ ચાર રાજ્યોમાં તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ છે. અણણાએ કહ્યુહતુકે કોંગ્રેસે લોકો સાથે વિશ્વાસઘાત કર્યો છે. લોકો યોગ્ય જવાબ આપી ચુક્યા છે. હજારેએ કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ સંસદમાં સાંપ્રદાયિક હિંસા બિલને પસાર કરવા સંકલ્પ લઈ શકે છે તો ભ્રષ્ટાચાર વિરોધી કાયદાના મામલામાં તેઓ આગળ કેમ વધી શકતા નથી. હજારેએ દિલ્હીમાં કરાયેલા પોતાના અગાઉના અનશનને યાદ કરતા કહ્યુ હતુકે



સોનિયા ગાંધીએ પત્ર લખીને કહ્યુ હતુ કે સરકાર જન લોકપાલબિલ લાવવા માટે તૈયાર છે. એ વખતે એમ પણ કહેવામાં આવ્યુ હતુ કે અનશન ખતમ કરી દેવામાં આવે. અમે સોનિયા ગાંધી પર વિશ્વાસ રાખીને અનશન ખતમ કરી દેવા માટે તૈયાર થઈ ગયા હતા. યુપીએ સરકાર હજુ પણ લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. સરકારે લેખિતમાં વચન આપ્યુ હતુ પરંતુ બે વર્ષનો ગાળો થઈ ગયો હોવા છતાં હજુ સુધી આ વચન પરિપૂર્ણ કરવામાં આવ્યા નથી. હજારેએ એમ પણ કહ્યુ હતુકે જ્યારે લોકો માર્ગો પર ઉતરી આવ્યા હતા અને અનશન ચાલી રહ્યા હતા ત્યારે જનલોકપાલ બિલ લોકસભામાં એક જ દિવસમાં પસાર કરી દેવામાં આવ્યુ હતુ ત્યારબાદ આ બિલ સ્થાયી સમિતિની પાસે પહોંચ્યુ હતુ અને ત્યારપછી રાજ્યસભામાં અને છેલ્લે ફરી એક અન્ય સમિતિ પાસે પહોંચ્યુ હતુ. આ બિલ દરેક જગ્યાએ પાસ થઈને રાજ્યસભામાં પહોંચી ગયુ છે. એક વર્ષથી વધુ સમય થઈ ગયો હોવા છતાં આ બિલ રાજ્યસભામાં પેન્ડિંગ છે. અહીં કોંગ્રેસના ૭૧ સાંસદ છે. હજારેએ કહ્યુ હતુકે સરકાર તરફથી ઘણા બધા પત્રો મળ્યા છે જેમાં જણાવવામાં આવ્યુ છે કે સંસદના શિયાળુ સત્રમાં બિલ લવાશે પરંતુ બિલ હજુ સુધી રજુ થઈ શકાયુ નથી. ૨૦૧૨માં ખાતરી આપવામાં આવ્યા બાદ ૨૦૧૩ પણ પૂર્ણ થવા આવ્યુ છે પરંતુ આ બિલ પેન્ડિંગ છે જેથી આવતીકાલથી રાલેગનસિદ્દિમાં અનશન પર ઉતરવાની અણણાએ જાહેરાત કરી હતી.

## નક્સલી પટ્ટામાં કોંગ્રેસે ૧૨ પૈકીની ૮ સીટ કબજે કરી છે

રાયપુર, તા.૯

છત્તીસગઢમાં આ વર્ષે કરવામાં આવેલા નક્સલી હુમલામાં કોંગ્રેસના અનેક નેતાઓના મોત થયા બાદ નક્સલી પટ્ટામાં સહાનુભૂતિનું મોજુ જોવા મળ્યુ હતુ. નક્સલી પટ્ટામાં કોંગ્રેસે ૧૨ બેઠકો પૈકીની આઠ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં નક્સલવાદી પટ્ટામાં કોંગ્રેસનો દેખાવ ઉલ્લેખનીય રહ્યો છેજો કે પાર્ટી ૯૦ સભ્યોની વિધાનસભામાં અડધા માર્ગ સુધી પહોંચવાથી છ બેઠકો પાછળ રહી ગઈ હતી અને ચૂંટણી ભાજપના રમણસિંહ સામે ગુમાવી દીધી છે. રમણસિંહ આની સાથે જ હેટ્રિક નોધાવી હતી. છ જિલ્લાઓને આવરીલેતા વિસ્તારમાં ૧૨ વિધાનસભા બેઠક આવે છે. છત્તીસગઢમાં સત્તા પર આવવા માટે આ ૧૨ બેઠકોને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બસ્તર પ્રદેશમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ જોરદાર પ્રચાર કર્યો હતો. ૨૦૦૮ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે આ પ્રદેશમાંથી ૧૧ બેઠકો જીતી લીધી હતી. કોંગ્રેસના માર્યા ગયેલા નેતા મહેન્દ્ર કર્માના પત્ની દેવતી કર્મા દાંતેવાડાની બેઠક પરથી જીતી ગયા છે. તેઓએ ભાજપના ડી બંદાવી  પર જીત મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં તેમના પતિ મહેન્દ્ર કર્મા, પ્રદેશ કોંગ્રેસના વડા નંદકુમાર પટેલ સહિત ૨૫ કોંગ્રેસી નેતાઓ માર્યા ગયા છે. કોંગ્રેસના પીઢ નેતા વિદ્યાચરણ શુક્લા પણ આ હુમલામાં ઘાયલ થયા હતા.

તેમનું મોડેથી ગુડગાવની હોસ્પિટલમાં અવસાન થયુ હતુ. કોંગ્રેસે ચિત્રકુટ, કાંકેર, કેસકાલ જેવી બેઠકો પણ જીતી લીધી છે. ભાજપે માત્ર ચાર બેઠકો જાળવવામાં સફળતા મેળવી છે જેમાં અનંતઘડ, જગદલપુર, બિજાપુર, નરાયણપુરનો સમાવેશ થાય છે.

## જયલલિતાના કેબિનેટમાં ૧૩મી વખત ફેરફાર થયા

ચેન્નઈ,તા. ૯

તમિળનાડુમાં કેબિનેટની ફરી એકવાર રચના કરવામાં આવી છે. જયલલિતા કેબિનેટમાં ૧૩મી વખત ફેરફાર કરવામાં આવ્યા છે. રમતગમત અને યુવા જનકલ્યાણ બાબતોના પ્રધાન કેવી રામાલિંગમની જગ્યાએ આરબી ઉદયકુમારની પસંદગી કરવામાં આવી છે. ઉદયકુમાર સત્તુર વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. યુવા જનકલ્યાણ મંત્રાલયમાં રામાલિંગમને એક મહિના પહેલા જ ખસેડવામાં આવ્યા હતા. જાહેર કામ બાબતોમાંથી તેમને યુવા જનકલ્યાણ મંત્રાલયમાં ખસેડવામાં આવ્યા છે. રાજભવન તરફથી જારી કરવામાં આવેલી એક અખબારી યાદીમાં કહેવામાં આવ્યુ છે કે મુખ્યપ્રધાન જયલલિતા તરફથી કરવામાં આવેલી ભલામણ બાદ આ ફેરફારો કરવામાં આવ્યા છે. નવા પ્રધાનને બુધવારના દિવસે સવારે શપથ લેવડાવવામાં આવશે. પર્યાવરણ અને પ્રદુષણ નિયંત્રણમંત્રાલય સંભાળી રહેલા પ્રધાનનું ખાતુ પણ બદલવામાં આવ્ય છે.

## ટુજી કૌભાંડ અંગે જેપીસી અહેવાલ અંતે સ્વીકારાયો

નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાં પ્રધાન પી ચિદમ્બરમને ક્લીનચીટ આપતા ટુજી જેપીસી અહેવાલને લોકસભાએ સ્વીકારી લેતા તર્કવિતર્કોનો દોર રહ્યો હતો. કોઈ પણ ખોટુ કામ વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાં મંત્રીએ કર્યુ નથી તેવી વાત આમાં કરવામાં આવી હતી. ટુજી જેપીસીના અહેવાલમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજાને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. સ્પેક્ટ્રમની ફાળવણીમાં ગેરરીતિ આચરવાનો તેમના પર આક્ષેપ મુકવામાં આવ્યો હતો. રાજાની પાર્ટી અને કોંગ્રેસના એક વખતે સાથી પક્ષ તરીકે રહી ચુકેલા ડીએમકેએ આનો વિરોધ કરીને યુપીએ સાથે છેડો ફાડ્યો છે. લોકસભાના અધ્યક્ષ મીરાકુમારે ગૃહની મંજુરી માટે આ અહેવાલ રજુ કર્યો હતો. ત્યારબાદ મૌખિક મત દ્વારા આને પસાર કરી દેવામાં આવ્યો હતો. સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)નું નેતૃત્વ પીસી ચાકો કરી રહ્યા છે. ચાકોની પેનલે આમાં તપાસ કરી હતી અને અહેવાલ તૈયાર કર્યો હતો. અધ્યક્ષે ભાજપના વરિષ્ઠનેતા યશવંત સિંહા અને સીપીએમના નેતા વાસુદેવ આચાર્ય દ્વારા ગૃહમાં અહેવાલ પર ચર્ચા માટે રજુ કરવામાં આવેલી નોટિસને ફગાવી દીધી હતી. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જેપીસીના સભ્યોની બહુમતિ દ્વારા આ અહેવાલ પસાર કરવામાં આવ્યો હતો. જેપીસીના ચેરમેન પીસી ચાકોએ ૨૯મી ઓક્ટોબરના દિવસે અધ્યક્ષને છ નારાજગી વ્યક્ત કરતી નોંધની સાથે ટુજી કૌભાંડ અંગેનો અહેવાલ સુપ્રત કર્યો હતો. ૧૯ મહિના સુધી આ કૌભાંડમાં સંસદીય સમિતિ દ્વારા તપાસ કરાઈ હતી. ભૂતપૂર્વ કેન્દ્રિય ટેલિકોમ પ્રધાન એ રાજાએ એ વખતે ટુજી કૌભાંડ અંગે જેપીસીના અહેવાલને પરત મોકલી દેવા અધ્યક્ષને કહ્યુ હતુ અને રજુઆત કરી હતી કે આ અહેવાલ પક્ષપાતપૂર્ણ છે. રાજાએ એમ પણ કહ્યુ હતુ કે તેમના દ્વારા રજુ કરાયેલી નોંધ અહેવાલમાં સામેલ નથી.

## ટીમ ઈન્ડિયા સ્પોન્સરશીપ અધિકારો સ્ટાર ગ્રુપે મેળવ્યા

નવી દિલ્હી, તા.૯

સ્ટાર ગ્રુપે આજે મોટી સિદ્ધિ હાંસલ કરી લીધી હતી. આના ભાગરૂપે બીસીસીઆઈની તમામ, એસીસીની તમામ અને આઈસીસીની



સ્પર્ધાઓ માટે ઈન્ડિયન ક્રિકેટ ટીમ માટે સ્ટાર ગ્રુપે સ્પોન્સરશીપના અધિકાર મેળવી લીધા હતા. પ્રતિમેચ ૧.૯૨ કરોડ રૂપિયાની કિંમતના આ સ્પોન્સરશીપના અધિકારો મેળવવામાં આવ્યા છે. આ સ્પોન્સરશીપ ત્રણ વર્ષથી વધુ સમયની રહેશે જેની શરૂઆત પહેલી જાન્યુઆરી ૨૦૧૪થી થશે અને આ સમજૂતિની અવધિ ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધીની રહેશે. સ્ટાર ગ્રુપે આ વખતે સ્પર્ધામાં તેની સાથે રહેલા સહારા ગ્રુપને પછડાટ આપી દીધી છે. ઈન્ડિયન ટીમ માટે વર્તમાન સ્પોન્સર તરીકે સહારા ગ્રુપ છે. હાલમાં ચાલી રહેલા કોન્ટ્રાક્ટ હેઠળ સહારા દ્વારા દરેક આંતરરાષ્ટ્રીય મેચ માટે ૩.૩૪ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી રહી છે. આ કોન્ટ્રાક્ટ ૩૧મી ડિસેમ્બરના દિવસે પૂર્ણ થનાર છે. દરેક મેચ માટે બેઝ પ્રાઈઝ ૧.૫ કરોડની છે જ્યારે આઈસીસી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલની સ્પર્ધાઓ માટે બેજ પ્રાઈઝ ૬૦ લાખ રૂપિયાની છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે સ્ટાર, સોની, યુબી ગ્રુપ, ડબલ્યુએસજી, ગેમ્સ અનલિમિટેડ, સહારા અને એરટેલ સ્પોન્સરશીપના અધિકારો મેળવવા માટે મેદાનમાં હતા. સહારા ગ્રુપે કહ્યુ હતુકે તેને બીસીસીઆઈ સાથે ટીમ ઈન્ડિયાના લોગો સ્પોન્સરશીપ કોન્ટ્રાક્ટને રિન્યુ કરવામાં કોઈ પણ રસ નથી. તેની આઈપીએલની ટીમ સહારા પૂણે વોરિયર્સ પ્રત્યે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના આક્રમક વલણના પરિણામ સ્વરૂપે સહારાએ ઉદાસીનતા દર્શાવી છે. સહારા ગ્રુપે નવા કોન્ટ્રાક્ટ માટે તરતા મુકવામાં આવેલા ટેન્ડર પેપરો મેળવી લીધા હતા. જો કે તમામ બાબતો સહારા માટે યોજના મુજબ આગળ વધી ન હતી. સહારાના ચેરમેન સુબ્રતા રોય પક્ષપાતી પૂર્વકના વલણ બદલ બીસીસીઆઈના પ્રમુખ એન શ્રીનિવાસનની ટીકા કરી રહ્યા છે. આઈપીએલની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ પ્રત્યે ખરાબ વર્તન બદલ સહારાએ આ વખતે રસ દર્શાવ્યો નથી પરંતુ સ્ટાર ગ્રુપની સિદ્ધિને ખૂબ મોટી ગણવામાં આવે છે. સ્ટાર ગ્રુપે સ્પર્ધામાં રહેલી તેની સાથેની સાત કંપનીઓને પછડાટ આપી છે. જેમાં સોની, યુબી ગ્રુપનો પણ સમાવેશ થાય છે.